# 11. ભારતનું ન્યાયતંત્ર

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :

### 1) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોની નિમણૂકની લાયકાતો જણાવો.

- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો તરીકેની નિમણૂક માટે જરૂરી લાયકાતો નીચે મુજબ છે :
- તે ભારતનો નાગરિક હોવો જોઈએ.
- તેની વય 65 વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- તેણે કોઈ પણ રાજ્યની વડી અદાલતના ન્યાયાધિશ તરીકે ઓછામાં ઓછા 5 વર્ષ સળંગ સેવા બજાવી હોવી જોઈએ.
- તેણે કોઈ પણ રાજ્યની વડી અદલતમાં ઓછામાં ઓછા 10 વર્ષ સુધી સળંગ વકીલાત કરી હોવી જોઈએ.
- રાષ્ટ્રપ્રમુખના મત મુજબ તે પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી હોવો જોઈએ.

### 2) સર્વોચ્ચ અદાલતની મૂળભૂત ક્ષેત્રાધિકાર હેઠળની સત્તાઓ વિશે જણાવો.

- સર્વોચ્ચ અદાલત મૂળભૂત ક્ષેત્રાધિકાર હેઠળ નીચે પ્રમાણે સત્તાઓ ભોગવે છે.
- તે સંઘસરકાર કે સંઘના એક કે તેથી વધુ રાજ્યો વચ્ચેના ઝઘડા કે મતભેદોનો નિકાલ કરે છે.
- તે સંઘના બેથી વધુ રાજ્યો વચ્ચેના મતભેદોનો નિકાલ લાવે છે.
- તે સંઘસરકારને કોઈ પણ કાયદાકીય કે બંધારણીય કાયદેસરતાને લાગતા તમામ પ્રશ્નો અંગેના ચુકાદા આપે છે.
- તે નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ અને જતન કરે છે. મૂળભૂત હકોના ભંગ બદલ તે હાજર હુકમ, મનાઈ હુકમ, અધિકારભંગ હુકમ, પ્રતિબંધ હુકમ, કર્તવ્ય હુકમ વગેરે હુકમો કાઢવાની સત્તા ધરાવે છે.
- સર્વોચ્ચ અદાલતના ચુકદા આખરી હોય છે, તેને અન્યત્ર પડકારી શકાતા નથી. તે બધા માટે શિરોમાન્ય હોય છે.

### 3) સર્વોચ્ચ અદાલતના આધિકારક્ષેત્ર બહારની વિગતો વિશે જણાવો.

- રાજ્ય-રાજ્ય વચ્ચેના કે રાજ્યો-રાજ્ય કે રાજ્ય-રાજ્યો કે રાજ્યો-રાજ્યો વચ્ચેના નદીના પાણીની વહેંચણી તેમજ તેના ઉપયોગ બાબતો અંગેના વિવાદો ઉકેલવાની સત્તા સર્વિચ્ચ અદાલતના હકૂમત બહાર છે.

### 4) મહાભિયોગની કાર્યવાહી સમજાવો.

- રાષ્ટ્રપ્રમુખ દ્વારા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોને માત્ર સાબિત થયેલી ગેરવર્તણૂક, બિનકાર્યક્ષમતા કે બંધારણીય મર્યાદાઓના ભંગના આધારે મહાભિયોગની કાર્યવાહીથી હોદ્દા પરથી દૂર કરી શકાય છે.
- સંસદના બંને ગૃહોમાં તેના કુલ તેમજ હાજર રહેલા અને મતદાન કરતા bold 2 over bold 3 બહુમતીથી પસાર કરેલા ઠરાવને આધારે જ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશને તેમના હોદ્દા પરથી દૂર કરે શકાય છે. આ વિધિને 'મહાભોયોગની કાર્યવાહી' કહે છે.
- મહાભિયોગની કાર્યવાહી દરમિયાન સંબધિત ન્યાયાધિશને સંસદમાં હાજર રહીને પોતાના બચાવમાં નિવેદન કરવાની તક આપવામાં આવે છે.

### 5) ફોજદારી દાવા અંગેની અપીલમાં સર્વોચ્ચ અદાલતની સત્તાઓ વર્ણવો

- ફોજદારી દાવા અંગેની અપીલમાં સર્વોચ્ચ અદાલતની સત્તાઓ નીચે મુજબ છે.
- ફોજદારી દાવા ચુકાદામાં રાજ્યની વડી અદાલતે આરોપીને ફાંસીની સજા ફરમાવી હોય અને અપીલ કે પુનર્વિચાર માટે પ્રમાણપત્ર આપ્યું હોય તો એ ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં ચાલતા મુકદમાને સર્વોચ્ચ અદાલત પોતાની અદાલતમાં તબદીલ કરી શકે છે.

### 6) વડી અદાલતોના ન્યાયાધિશોની લાયકાતનાં ધોરણો વર્ણવો.

- વડી અદાલતના ન્યાયાધીશની લાયકાતનાં ધોરણો આ મુજબ છે.
- તે ભારતનો નાગરિક હોવો જોઈએ.
- તેની વય 62 વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- તેણે નીચલી અદાલતોમાં ઓછામાં ઓછા 10 વર્ષ સુધી ન્યાયાધિશ તરીકે કામ કર્યું હોવું જોઈએ.
- કોઈ પણ રાજ્યની વડી અદાલતમાં ઓછામાં ઓછા 10 વર્ષ સુધી વકીલાત કરી હોવી જોઈએ.
- રાષ્ટ્રપ્રમુખના મત મુજબ તે પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી હોવો જોઈએ.

### 7) તાબા હેઠળની વિવિધ અદાલતો જણાવો.

- રાજ્યની વડી અદાલતની હકૂમતમાં રહેલી અને તેના અંકુશ નીચે કામ કરતી તાબાની અદાલતોમાં રાજ્યની તમામ જિલ્લા અદાલતો અને તાલુકા અદાલતોનો સમાવેશ થાય છે. દરેક જિલ્લામાં ફોજદારી અને દીવાની અદાલતો હોય છે. ફોજદારી અદાલતોમાં તેની હકુમત નીચે પ્રથમ વર્ગના ન્યાયાધિશ અને દ્વિતિય વર્ગના ન્યાયાધીશની અદાલતો, મામલતદાર અને ઍક્ઝિક્યુટિવ મૅજિસ્ટ્રેટ કોર્ટ હોય છે. આ ઉપરાંત તાબાની અદાલતોમાં ફાસ્ટ ટ્રૅકકોર્ટ, પોટા કોર્ટ, સ્મૉલ કૉઝકોર્ટ, ફૅમિલિ કોર્ટ, લેબર કોર્ટ ટ્રિબ્યૂનલો પણ હોય છે.

## 2. નીચેનાં વિધાનો સમજાવો :

### 1) ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે.

- ભારતીય સમવાયતંત્રી લોકશાહીમાં બંધારણ અને નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરવા તેમજ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે અથવા રાજ્ય-રાજ્ય વચ્ચે સત્તાઓ અને કાર્યક્ષેત્ર અંગે કોઈ ઘર્ષણો ઉભાં થાય તો તેનો બંધારણીય ઉકેલ લાવવા માટે સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે. આ ન્યાયતંત્ર કાયદાની કોઈ કલમ કે જોગવાઈની બંધારણીય સુસંગતતા તપાસે છે અને તેનું અર્થઘટન કરે છે. ધારાસભા અને કારોબારી દ્વારા બંધારણીય મર્યાદાઓનું ઉલ્લાંઘન ન થાય તેનું ન્યાયતંત્ર ધ્યાન રાખે છે. આમ, ભારતનું ન્યાયતંત્ર લોકશાહીની આધારશીલા છે.

### 2) સર્વોચ્ચ અદાલત બંધારણ અને નાગરિકોના મૂળભૂત હકોના રક્ષણ-વાલી છે.

- દેશની સરકાર બંધારણ અનુસાર કાર્ય કરે છે કે નહિ તેમજ નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ થાય છે કે નહિ તે જોવાનું કાર્ય સર્વોચ્ચ અદાલતનું છે. તેથી તે બંધરણ અને નાગરિકોના મૂળભૂત હકોના રક્ષક-વાલી ગણાય છે.

### 3) વડી અદાલત કડીરૂપ સ્થાન ધરાવે છે.

- ભારતની સંઘીય શાસનપદ્ધતિમાં સમગ્ર દેશ માટે સળંગ, સુગ્રથિત, એકસૂત્રી અને સ્વતંત્ર પિરામિડ સ્વરૂપનું ન્યાયતંત્ર છે. કેન્દ્ર કક્ષાએ ટોચ પર દેશની સર્વોચ્ચ અદાલત છે, મધ્યમાં વડી અદાલત છે અને પાયામાં જિલ્લા અદાલતો તથા તાબાની અદાલતો છે.

- વડી અદાલત જિલ્લાની અદાલત જિલ્લા અદાલતોની અપીલો સાંભળે છે અને તેના ચુકાદાઓ આપે છે, જ્યારે વડી અદાલતોની અપીલો સર્વોચ્ચ અદાલત સાંભળે છે અને તેના ચુકાદાઓ આપે છે. આમ, ભારતના ન્યાયતંત્રમાં વડી અદાલત કડીરૂપ છે.

### 4) લોકઅદાલતો આકર્ષણનું કેન્દ્ર બની છે.

- સ્થાનિક કક્ષાએ સમાજના ગરીબ અને શોષિત લોકોને સરળ રીતે, ઝડપી અને સસ્તો ન્યાય મળે એ હેતુથી લોકાદાલતોનું આયોજન કરવામાં આવ્યું છે.
- લોકઅદાલતોમા સ્થળ પર જ બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવામાં આવે છે, અહીં બંને પક્ષોનું હિત અને માન જળવાય છે. બંને પક્ષોમાંથી કોઈની જીત કે હાર હોતી નથી. વર્ષોથી વિલંબમાં પડેલા કેસોનો ઝડપી અને બિનખર્ચાળ નિકાલ થાય છે. વળી, લોકઅદાલતોના ચુકાદાઓને કાનૂની પીઠબળ પૂરું પાડવામાં આવ્યું છે. આ બધાં કારણોસર લોકાદાલતો આકર્ષણનું કેન્દ્ર બની છે.

### 5) ધારાસભા અને કારોબારી બેજવાબદાર બને ત્યારે ન્યાયતંત્રની સક્રિયતા આશીર્વાદરૂપ બને છે.

- કેટલીક વાર ધારાસભા બહુમતી સંખ્યાનાં જોરે આપખુદ બનીને જનકલ્યાણને અવરોધે એવો કાયદો બનાવે અને કારોબારી તેનો અમલ કરે ત્યારે ન્યાયતંત્રમાં તેને પડકારવામાં આવે છે. એ સમયે ન્યાયતંત્ર કાયદાની બંધારણીય સુસંગતતા તપાસે છે. જો તે ગેરબંધારણીય હોય, તો તે તેને રદબાતલ કરે છે. આમ, ન્યાયતંત્ર નિષ્પક્ષ અને નિર્ભય રીતે ન્યાય આપી પોતાની સક્રિયતા દાખવે છે. આથી એમ કહી શકાય કે, ધારાસભા અને કારોબારી બેજવાબદાર બને ત્યારે ન્યાયતંત્રની સક્રિયતા આશીર્વાદરૂપ બને છે.

### 6) સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત ગણાય છે.

- સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અને નિર્ણયો કાયમી દસ્તાવેજો ગણાય છે.
- એ ચુકાદાઓ અને નિર્ણયો દેશનાં તમામ નાગ્રિકો અને દેશની બધી આદાલતોને માટે બંધનકર્તા હોય છે તેમજ તેમને નમૂનારૂપ ગણી બીજી અદાલતો તેમને આધારે ચુકાદાઓ આપે છે.
- સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અને નિર્ણયોનો ભંગ કરનારને તે સર્વોચ્ચ અદાલતના તિરસ્કાર માટે શિક્ષા કરી શકે છે.

- સર્વોચ્ચ અદાલત દરેક પ્રકારના મુકદ્દમામાં આપેલ ચુકાદાની નોંધ રાખે છે અને ગેઝેટમાં પ્રકાશિત કરે છે.
- ઉપર દર્શાવેલા કારણોસર સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત ગણાય છે.

### 7) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિવૃત્તિ બાદ પણ કોઈ પણ કોર્ટમાં વકીલાત કરી શકતા નથી.

- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોનો મોભો અને પ્રતિષ્ઠા ઘણા ઊંચા દરજ્જાના બનવવમાં આવ્યાં છે. એક વખત જે વ્યક્તિએ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધિશ તરીકે કામ કર્યું હોય અને ત્યારપછી તે કોઈ પણ અદલતમાં વકીલ તરીકે કામ કરે, તો તે અદાલતના ન્યાયાધીશ તરીકે કામ કર્યું હોય અને ત્યારપછી તે કોઈ પણ આદાલતમાં પણ તેની શેહ-શરમમાં આવી જાય અને કદાચ તેની તરફેણમાં પક્ષપાતભર્યું વલણ દાખવી બેસે. આથી બંધારણમાં કરેલ જોગવાઈ પ્રમાણે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશો નિવૃત્તિ બાદ પણ કોઈ પણ કોર્ટમાં વકીલાત કરી શકતા નથી.

## 3. ટૂંક નોંધ લખો :

### 1) ન્યાયતંત્રની સ્વતંત્રતા

- દેશના કારોબારી તંત્રની લાગવગ, શેહશરમ, લાલચ કે દબાણમાં આવ્યા વિના ન્યાયાધિશો નિષ્પક્ષ, તટસ્થ, પ્રામાણિક પણે અને નિર્ભય રીતે ન્યાય આપી શકે-પોતાની ફરજો બજાવી શકે તેમજ લોકોને સાચો, પારદર્શીય અને ઝડપી ન્યાય આપી શકે તે માટે ન્યાયતંત્રને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે.
- ભારતના બંધારણમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.
- અલબત્ત, કારોબારી તંત્ર દ્વારા નિયત કરવામાં આવેલાં લાયકાતનાં ધોરણોને આધારે તેમજ સુસ્થાપિત વિધિ મુજબ બંધારણીય જોગવાઈઓને આધીન રહીને ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવે છે. પરતું કારોબારી તંત્ર તેમને હોદા પરથી દૂર કરી શકતું નથી.
- ન્યાયાધીશો 65 વર્ષની ઉંમર સુધી પોતાના હોદ્દા પર રહી શકે છે. તેમના પગાર-ભથ્થાં, નોકરીની શરતો, બઢતી, બદલી, નિવૃત્તિના લાભો, પેન્શન ફંડ વગેરે બાબતોમાં કોઈ ફેરફાર થઈ શક્તો નથી.
- ન્યાયાધીશોની ફરજ દરમિયાન તેમના વર્તન અંગે સંઘની સંસદમાં કે રાજ્યની વિધાનસભામાં ચર્ચા કે ટીકાત્મક સમીક્ષા થઈ શકતી નથી.

## 2) વડી અદાલતનું અપીલી ક્ષેત્રાધિકાર

- રાજ્યની વડી અદાલતના હકુમતમાં રહેલી અને તેના અંકુશ હેઠળ કામ કરતી અદાલતોના ચુકાદાઓ વિરુદ્ધની અપીલો સાંભળવાના વડી અદાલતના અધિકારને 'અપીલી ક્ષેત્રાધિકાર' કહેવાયમાં આવે છે.
- વડી અદાલત તેના તાબાની અદાલતો કે ટ્રિબ્યુનલોના ચુકાદા વિરુદ્ધની અપીલો સાંભળે છે.
- જિલ્લાની ફોજદારી અદાલતના ન્યાયાધીશે આરોપીને તેના ગુના માટે ચાર વર્ષ કરતાં વધારે વર્ષની સજા કરી હોય, એવા ચુકાદા વિરૂદ્ધ પક્ષકાર વડી અદાલતમાં અપીલ કરી શકે છે.
- ફોજદારી અદાલતે કોઈ આરોપીને તેની નીચેની ફોજદારી અદાલતના ચુકાદા વિરુદ્ધ હત્યાના આરોપસર મૃત્યુદંડની સજા ફરમાવી હોય, તેવા કેસમાં વડી અદાલતમાં અપીલ કરી શકાય છે.
- ટ્રિબ્યુનલના ચુકાદાથી નારાજ થયેલ પક્ષકારો વડી અદાલતમાં અપીલ કરીને ન્યાય મેળવી શકે છે.
- પોતાના તાબા હેઠળની કોઈ અદાલતમાં નિકાલ થયા વિના પડી રહેલા કેસમાં બંધારણના અર્થઘટનસબંધી પ્રશ્ન રહેલો છે, એમ વડી અદાલતને જણાય ત્યારે તે એ કેસને પોતાની અદાલતમાં તબદીલ કરીને તેનો નિકાલ કરી શકે છે.

## 3) નાઝીરી અદાલત

- જે અદાલતના ચુકાદાથી નોંધ પૂરાવાનું મૂલ્ય ધરાવે છે અને જ્યારે તે રજુ કરવામાં આવે ત્યારે તેની કાયદેસરતા સામે કોઈ વાંધો લઈ શકાતો નથી. તેને નઝીરી અદાલત કહેવામાં આવે છે.
- સર્વોચ્ચ અદાલત તરીકે નીચે મુજબ અધીકારો ધરાવે છે.
- જુદી જુદી અદાલતોએ આપેલા ચુકાદાઓ, કાયદાના અર્થઘટનો, સ્વીકારવામાં આવેલી પ્રણાલિકાઓ વગેરેને સર્વોચ્ચ અદાલત દસ્તાવેજો સ્વરૂપે સાચવે છે.
- એ ચુકાદાઓને નમૂનાસૂપ ગણી બીજી અદાલતો તેમને આધારે ચુકાદા આપે છે.
- સર્વોચ્ચ અદાલતના નિર્ણયો અને ચુકાદાઓ આખરી ગણાય છે તેમની વિરુદ્ધ અપીલ થઈ શક્તી નથી.
- સર્વોચ્ચ અદાલતના નિર્ણયો અને ચુકાદાઓ દેશના તમામ નાગરિકોને અને દેશની બધી અદાલતોને માટે બંધનકર્તા હોય છે.
- સર્વોચ્ચ અદાલતના દેશની તમામ અદાલતોની કાર્યવાહી માટે નિયમો ઘડે છે. એ નિયમોનું પાલન કરવાનું બધી અદાલતો માટે અનિવાર્ય છે.
- તેના નિર્ણયો અને ચુકાદાઓનો ભંગ કરનારને તે સર્વોચ્ચ અદાલતના તિરસ્કાર માટે શિક્ષા કરી શકે છે.

- સર્વોચ્ચ અદાલત દરેક પ્રકારના કેસમાં આપેલા પોતાના ચુકાદાની નોંધ રાખે છે અને પ્રકાશિત કરે છે.

## 4) લોકઅદાલતો અને જાહેર હિતના દાવાઓ

- લોકઅદાલતો : સ્થાનિક કક્ષાએ સમાજના ગરીબ અને શોષિત લોકોને સરળ રીતે, ઝડપી અને સસ્તો ન્યાય મળે એ હેતુથી લોકઅદાલાતોનું આયોજન કરવામાં આવ્યું છે.
- લોકઅદાલતોના પક્ષકારો માટે અમદાવાદમાં 'કાનૂની સેવા સતામંડળ' નામની સંસ્થા મફત કાનૂની સહાય અને માર્ગદર્શન કેન્દ્ર તરીકે કામ કરે છે.
- લોકઅદાલત રવિવાર કે રજાના દિવસે બંને પક્ષકારોની સંમતિથી જિલ્લામથકે અથવા તાલુકામથકે યોજવામાં આવે છે.
- લોકઅદાલતોની કામગીરી સ્વૈચ્છીક હોય છે.
- લોકઅદાલતોમાં મુખ્યત્વે મોટર-વાહન અકસ્માત અને વળતર, લગ્નવિચ્છેદ, ભરણપોષણ, સામાન્ય લેણા, ખાનગી ફરિયાદો, પોલિસ ફરિયાદો વગેરે બાબતો અંગેના વિવાદો ઉકેલવામાં આવે છે.
- લોકઅદાલતોમાં વકીલોને સ્થાન હોતું નથી. પરંતુ સમાધાનની પ્રક્રિયામાં પ્રતિષ્ઠિત નાગરિકો, સામાજિક કાર્યકરો, કેળવણીકારો, પોલિસ અધિકારીઓ. વીમાકંપનીના અધિકારીઓ, નિવૃત્ત ન્યાયાધિશ કે ન્યાયિક અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહે છે.
- લોકઅદાલતોમાં સ્થળ પર જ બંને પક્ષો વચ્ચે શાંતિથી કાયમી સમાધાન કરવામાં આવે છે.
- અહીં બંને પક્ષોનું હિત અને માન જળવાય છે. બંને પક્ષોમાંથી કોઈની જીત કે હાર હોતી નથી.
- વર્ષોથી વિલંબમાં પડેલા કેસોનો ઝડપી અને બિનખર્ચાળ નિકાલ થાય છે.
- વળી, લોકાદાલતોના ચુકાદાઓને કાનૂની પીઠબળ પણ પૂરું પાડવામાં આવ્યું છે. આથી જ લોકઅદાલતો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.
- જાહેર હિતના દાવાઓ : જાહેર હિતની અરજીઓ વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતમાં કરી શકાય છે.
- બંને અદાલતો જાહેર હિતના દાવાને માત્ર પોસ્ટકાર્ડ કે સામાન્ય પત્ર દ્વારા થયેલી ફરિયાદની અરજી તરીકે સ્વીકારે છે અને સંબધિતોને તે અંગે જરૂરી આદેશો આપે છે.

## 5) તાબાની અદાલતો

- રાજ્યની વડી અદાલતની હકૂમતમાં રહેલી અને તેના અંકુશ નીચે કામ કરતી અદાલતો 'તાબાની અદાલતો' અથવા 'નીચલી અદાલતો' કહેવાય છે.
- તાબાની અદાલતોમાં રાજ્યની તમામ જિલ્લા અદાલતો અને તાલુકા અદાલતોનો સમાવેશ થાય છે. રાજ્યની બધી તાબાની અદાલતો વડી અદાલતના નિરિક્ષણ હેઠળ કામ કરે છે.
- દરેક જિલ્લામાં દીવાની અને ફોજદારી અદાલતો હોય છે.
- જિલ્લા અદાલતમાં દીવાની દાવા ચલાવનાર ન્યાયાધિશને જિલ્લા ન્યાયાધિશ અને ફોજદારી મુકદ્દમાં ચલાવનાર ન્યાયાધિશને સેશન્સ ન્યાયાધિશ કહેવાય છે. જિલ્લા અદાલતો તેના તાબા હેઠળની અદાલતોના ચુકાદાઓ સામેની અરજીઓની સુનવણી કરે છે.
- દરેક જિલ્લાની દીવાની અદાલતોમાં એક લાખ રૂપિયા સુધીના દાવાઓ તેમજ સરકારે કે સરકાર સામેના કેસો ચલાવવાની સત્તા છે. આ કોર્ટના સિવિલ જજ લગ્નના છૂટાછેડા, ભરણપોષણ, જમીન સંપાદનને લગતા કે વળતર ને લગતા દાવાઓ અને વાલીપણાને લગતા કેસો ચલાવવાની સત્તા ધરાવે છે.
- ફોજદારી અદાલતોમાં સેશન્સ કોર્ટ અને તેની હકૂમત નીચે પ્રથમ વર્ગના ન્યાયાધિશ અને દ્વિતિય વર્ગના ન્યાયાધિશની અદાલતો, મામલતદાર અને ઍક્ઝિક્યુટિવ મૅજિસ્ટ્રેટ કોર્ટ હોય છે. આ અદાલતોમાં 3 વર્ષથી માંડીને 10 વર્ષ સુધીની કેદની સજા અને રૂ 5000 કે તેથી વધુ રકમ સુધીના દંડની તથા હત્યાના કેસમાં મૃત્યુ દંડફાંસીની કે જન્મટીપની આજીવન કારાવાસ જેવી સજાઓ કરવાની સત્તા ધરાવે છે.
- આ ઉપરાંત, તાબાની અદાલતોમાં ફાસ્ટ ટ્રૅકકોર્ટ, પોટા કોર્ટ, સ્મૉલ કોઝ કોર્ટ, ફૅમિલી કોર્ટ, લેબર કોર્ટ, ટ્રિબ્યુનલો પણ હોય છે.

## 4. નીચેનામાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો :

### 1) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશો અને વડી અદાલતના ન્યાયાધીશની નિવૃત્તિવય છે.

(A) 65 અને 58

(B) 65 અને 60

(C) 60 અને 65

(D) 65 અને 62

**2) જિલ્લા ન્યાયાધિશની લાયકાતમાં વકીલ તરીકેનો અનુભવ જરૂરી છે.**

(A) ત્રણ વર્ષ

(B) સાત વર્ષ

(C) દશ વર્ષ

(D) પાંચ વર્ષ

**3) મિઝોરમ અને ત્રિપુરાની વડી અદાલત કયા રાજ્યમાં આવેલી છે ?**

(A) મેઘાલય

(B) અરુણાચલ

(C) અસમ

(D) નાગાલેંન્ડ

**4) મફત કાનૂની સત્તા સેવા મંડળની કચેરીનું વડું મથક ક્યાં આવેલું છે ?**

(A) વડોદરા

(B) રાજકોટ

(C) અમદાવાદ

(D) ગાંધીનગર

**5) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશની નિમણૂક કોણ કરે છે ?**

(A) વડાપ્રધાન

(B) રાષ્ટ્રપતિ

(C) ઉપરાષ્ટ્રપતિ

(D) કાયદા પ્રધાન

**6) ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે કઈ સંસ્થાની રચના થઈ છે ?**

(A) મફત કાનૂની સલાહ કેન્દ્ર

(B) દિવાની કોર્ટ

(C) ગ્રાહક ફોરમ

(D) સ્મોલ કોઝ કોર્ટ